# મહાનગરપાલિકા, જૂનાગઢ

## વોક–ઈન–ઈન્ટરવ્યુ

જુ.મ.ન.પા./મહેકમ/જા.નં.૧૭૦૯ તા.૨૪/૦૧/૨૦૧૭

જૂનાગઢ મહાનગરપાલિકામાં કામગીરીની જરૂરીયાતને ધ્યાને લઈ નીચે જણાવેલ જગ્યાઓ માટે લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારોને કોઈપણ જાતના હકક–હિસ્સા વગર કોન્ટ્રાકટ બેઈઝથી તદન હંગામી ધોરણે **માસ–૬(છ)** માટેકરાર આધારીત નિમણુંક આપવાની થતી હોય, યોગ્યતા અને અનુભવ ધરાવતા ઉમેદવારોએ **ક્રમ–૧** માટે **તા.૦૨/૦૨/૨૦૧૭** ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે **શારીરીક કસોટી** માટે ટાઉન હોલ, સ્વીમીંગ પુલ ખાતે હાજર રહેવાનું રહેશે. તેમજ આ કસોટીમાં ઉર્તીણ થયેલ ઉમેદવારોએ જ તથા **ક્રમ–૨ના ઉમેદવારોએ તા.૦૨/૦૨/૨૦૧૭** ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે નીચે જણાવેલ સરનામે ઈન્ટરવ્યુમાં સ્વખર્ચે હાજર રહેવું.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | જગ્યાની સંખ્યા | ઉમર વર્ષ | માસિક મહેનતાણું |
|---|---|---|---|---|---|
| ૧ | ફાયરમેન | ધો.૧૨ પાસ સાથે માન્ય ફાયર એકેડમીનો કોર્ષ તથા ૩ વર્ષનો સરકારી, અર્ધસરકારી કે સ્થાનિક સ્વરાજય સંસ્થામાં અનુભવ | ૭ | ૩૫ વર્ષ સુધી | ૭૧૦૦/– (ફિકસ) |
| ૨ | કોમ્પ્યુટર ઓપરેટર કમ કલાર્ક | માન્ય યુનિ.ના સ્નાતક તથા અંગ્રેજી, ગુજરાતી કોમ્પ્યુટરના કામના જાણકાર, સરકારી, અર્ધસરકારી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો ૩ વર્ષનો અનુભવ | ૨ | ૩૫ વર્ષ સુધી | ૭૮૦૦/– (ફિકસ) |

**શરતો :–**

૧. ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરે અરજી કરવાની રહેશે, અને અરજી સાથે એક પાસપોર્ટ સાઈઝ ફોટો જોડવાનો રહેશે. તથા અરજીની સાથે શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ બીડવાની રહેશે.(રજીસ્ટ્રેશનનો સમય સવારના ૯:૦૦ થી ૧૧:૦૦ સુધીનો રહેશે.)

૨. ઉપરોકત જગ્યાઓ માટે અનુભવ ધરાવતા યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ ન થયેથી ઉમેદવારની પસંદગીમાં અનુભવ સબંધે યોગ્ય છુટછાટ આપવાની સત્તા ખાતાના વડાની રહેશે.

૩. એસ.સી/એસ.ટી./અન્ય પછાત વર્ગના ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની છુટછાટ આપી શકાશે.

૪. આ જગ્યા કરાર આધારીત હોઈ નિયત મહેનતાણા સિવાય અન્ય કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહીં.

૫. કોન્ટ્રાકટ બેઈઝ અંગેની બાકી શરતો મહાનગરપાલિકાના નોટીસ બોર્ડ પર જોઈ શકાશે.

૬. અરજદારે ઈન્ટરવ્યુમાં અસલ દસ્તાવેજો સાથે સ્વખર્ચે આવવાનુ રહેશે. આ અંગે કોઈ ખર્ચ મ.ન.પા. તરફથી ચુકવવામાં આવશે નહીં.

૭. ઉપરોકત ભરતીમાં કોઈપણ બાબતે ફેરફાર કરવાનો અધિકાર કમિશનરશ્રીનો રહેશે.

**ઈન્ટરવ્યુ સ્થળ :–**
કમિશનરશ્રીનું કાર્યાલય,
મહાનગરપાલિકા કચેરી,
આઝાદ ચોક, જૂનાગઢ

– સહી –
કમિશનર
મહાનગરપાલિકા, જૂનાગઢ

મહેકમ અધિકારી
મહાનગરપાલિકા, જૂનાગઢ